CCC ને બદલે CCC+ ની પરીક્ષા
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ. ૧૧-૧૧-૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) સા.વ.વિ. નો તા. ૩૦/૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૨) સા.વ.વિ. નો તા. ૨૯/૪/૨૦૦૮ નો પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૩) સા.વ.વિ. નો તારીખ ૧૭/૧૨/૨૦૦૭ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦-૨૦૦૫-૧૫૩૨-ક

(૪) સા.વ.વિ. નો તારીખ ૨૨/૭/૨૦૧૩ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

પરિપત્રઃ-

૧. સામાન્ય વહીવટ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ઉપરના ઠરાવથી સરકારી સેવાઓ માટે કોમ્પ્યુટરના જ્ઞાનની જોગવાઇઓ રાજય સરકારે અમલી બનાવેલ છે જેના અનુસંધાને ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪) ઉપરના તા.૨૨.૭.૨૦૧૩ ના પરિપત્રથી નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે.(ઉક્ત તમામ પરિપત્રો, સા.વ.વિ. ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)

Office of A. A. D., ...
19 NOV 2013
11279
INWARD No. ...

(૧) જે અધિકારી / કર્મચારીઓને CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તેવા અધિકારી/ કર્મચારીઓએ (૧) તેમની નિવૃત્તિ તારીખ સુધીમાં અથવા (૨) તા.૩૧.૧૨.૨૦૧૩ સુધીમાં, એ બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીમાં આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

(૨) તા.૧.૭.૨૦૧૩ ના રોજથી જેમણે CCC / CCC+ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ અધિકારી/કર્મચારીઓના કેસમાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા વિચારણા કરવાની રહેશે અને જે અધિકારી/કર્મચારીઓએ કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહીં.

૨. આમ, ઉક્ત જોગવાઇને લીધે હવે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત CCC / CCC+ ની પરીક્ષા પાસ કરેલ હોવી એ પૂર્વશરત/ લાયકાત છે.

૩. ઉક્ત પારા ૧(૧) મુજબ જે સરકારી કર્મચારીઓ / અધિકારીઓના કિસ્સામાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ શરતી મંજુર કરવામાં આવેલ છે તેવા કર્મચારીઓ/ અધિકારીઓ તા. ૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં CCC/CCC+ ની પરીક્ષા પાસ કરી શકે તે માટે નીચે મુજબની સૂચના પરિપત્રિત કરવામાં આવે છે.

જે અધિકારી / કર્મચારીઓને CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તથા જેઓએ પંચાવન વર્ષ પૂર્ણ કરેલ નથી તેવા અધિકારી/ કર્મચારીઓએ તા.૩૧.૧૨.૨૦૧૩ સુધીમાં આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની થતી હોઇ તેઓ આ બાબતે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ અને તે સંચાલિત પ્રાદેશિક કેન્દ્રોનો સંપર્ક કરી સ્પીપા દ્વારા આયોજીત આગામી CCC/CCC+ ની પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે છે. આ કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓએ CCC ની પરીક્ષા પાસ કરવાની બાકી છે તેઓ પણ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) ઉપરના ઠરાવની જોગવાઇઓને ધ્યાને લેતાં CCC ને બદલે CCC+ ની પરીક્ષા આપી શકે છે.

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ ઉક્ત સૂચના અન્વયે જે અધિકારી/ કર્મચારીઓએ CCC/CCC+ ની પરીક્ષા પાસ કરવાની બાકી છે તેવા અધિકારીઓ/કર્મચારીઓની તાત્કાલિક યાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ ની તાલીમમાં મોકલવા માટે પ્રથમ અગ્રતા આપવાની રહેશે. સ્પીપાએ પણ આવા અધિકારીઓને/કર્મચારીઓને તાલીમ/પરીક્ષા આપવાના હેતું માટે પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડયા )
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે

સચિવાલયના સર્વે વિભાગો
સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
સિલેકટ ફાઇલ.
> પત્ર દ્વારા.

## આણંદ કૃષિ યુનિવર્સિટી
### આણંદ

**અગત્યનું / CCC ને બદલે $CCC^+$ની પરીક્ષા આપવા બાબત....**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

૧. હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ
૨. આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તેમજ જે અધિકારી/ કર્મચારીઓએ CCC/$CCC^+$ની પરીક્ષા પાસ કરવાની બાકી છે તેવા અધિકારીઓ/ કર્મચારીઓની તાત્કાલિક યાદી તૈયાર કરી, તેમને CCC/$CCC^+$ની તાલીમમાં મોકલવા માટે પ્રથમ અગ્રતા આપી તે મુજબ અમલ કરવા વિનંતી.

જા.નં. આકૃયુ/રજિ/સંકલન/ ૯૦૬૫ /૨૦૧૩

તા.૨૦/૧૧/૨૦૧૩

કુલસચિવ

**નકલ રવાના:**
૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ.
૨. આ કચેરીની એડીએમ શાખા-૧-૨-૩ તરફ જાણ તથા અમલ થવા સારૂ.